### સંપર્ક સ્થાપિત કરવાના અવિરત પ્રયાસો : ઈસરો

# વિક્રમ લેન્ડરથી હજુ સુધી કોઈપણ સંપર્ક થયો નથી

## વિક્રમ લેન્ડર હજુય બિલકુલ સુરક્ષિત છે તેમાં કોઈ તુટફુટ થઈ નથી : આસપાસ કોઈ જ ટુકડા દેખાતા નથી : ઈસરો

નવી દિલ્હી, બુધવાર

અપેક્ષા કરતા અલગરીતે ચંદ્રની સપાટી ઉપર પહોંચેલા વિક્રમ લેન્ડર સાથે હજુ સુધી સંપર્ક થઈ શક્યો નથી. ઈસરોએ ટ્વિટ કરીને આ અંગેની માહિતી આપી હતી. ઈસરોએ કહ્યું છે કે, ચંદ્રયાન-૨ના ઓર્બીટરે વિક્રમ લેન્ડર અંગે પાકી માહિતી મેળવી લીધી છે પરંતુ સંપર્ક કરવામાં સફળતા મળી રહી નથી. ઈસરોએ કહ્યું છે કે, લેન્ડર સાથે સંપર્ક સ્થાપિત કરવાના બનતા તમામ પ્રયાસો થઈ રહ્યા છે. ગઈકાલે અહેવાલ આવ્યા હતા કે, વિક્રમ ચંદ્રની સપાટી ઉપર આંશિકરીતે આડું પડી ગયું છે તેમાં કોઈપણ પ્રકારની તુટ ફુટ થઈ નથી. ઈસરોએ કહ્યું છે કે, ઓર્બીટર દ્વારા જે ફોટા મોકલવામાં આવ્યા છે તેમાં વિક્રમના કોઈ ટુકડા દેખાઈ રહ્યા નથી. આનો મતલબ એ થયો કે, વિક્રમ બિલકુલ સુરક્ષિત છે. એ વખતે વૈજ્ઞાનિકોએ વિક્રમ સાથે ફરીવાર સંપર્ક કરવાની સંભાવના વ્યક્ત કરી છે. ૨૨મી જુલાઈના દિવસે લોંચ કરવામાં આવ્યા બાદ ચંદ્રયાન-૨ તમામ અડચણોને પાર કરીને ચંદ્રની બિલકુલ નજીક પહોંચી ગયું હતું. લોંચના ૪૭ દિવસ સુધી તમામ અડચણોને પાર કરીને ચંદ્રયાન ચંદ્રની નજીક પહોંચી ગયું હતું. ૬-૭ સપ્ટેમ્બરની રાત્રે તેના વિક્રમ લેન્ડરને અને પોતાની અંદર રહેલા રોવર પ્રજ્ઞાનની સાથે ચંદ્રની સપાટી ઉપર ઉતારવાની જરૂર હતી પરંતુ માત્ર ૨.૧ કિલોમીટરના અંતરે જ તે રસ્તો ભુલી ગયું હતું અને ઈસરો સાથે સંપર્ક તુટી ગયો હતો. ઈસરો સહિત તમામ વિજ્ઞાન જગતના લોકોનું કહેવું છે કે, ચંદ્રયાન-૨ દ્વારા પોતાના ૯૫ ટકા લક્ષ્યને હાંસલ કરી લેવામાં આવ્યું છે. આ મિશનની સૌથી મોટી સફળતા એ છે કે, ઓર્બીટર આગામી સાત વર્ષ સુધી ચંદ્રના ચક્કર લગાવશે અને મહત્વપૂર્ણ માહિતી આપશે. ઈન્ડિયન સ્પેશ રિસર્ચ ઓર્ગેનાઈઝેશન દ્વારા જણાવવામાં આવ્યું છે કે, વિક્રમ સાથે સંપર્ક કરવાના પ્રયાસ થઈ રહ્યા છે. ઈસરોના વડા કે સિવન દ્વારા રવિવારના દિવસે જે માહિતી આપવામાં આવી હતી તે જ માહિતી આજે ઈસરો દ્વારા આપવામાં આવી છે. ઓર્બીટર દ્વારા તેની માહિતી મેળવી લેવામાં આવ્યા બાદ સંપર્કના પ્રયાસ થઈ રહ્યા છે. ઈસરો દ્વારા સંપર્ક કરવાના પ્રયાસ કઈ રીતે થઈ રહ્યા છે તે અંગે પૂછવામાં આવતા કોઈ વધારે માહિતી અધિકારીઓએ આપી નથી. બીજી બાજુ શ્રેણીબદ્ધ વૈજ્ઞાનિકો પાસે આ પ્રકારના પ્રશ્નોના જવાબ જાણવાના પ્રયાસો કરવામાં આવ્યા છે. વિક્રમનો સંપર્ક કઈ રીતે કરવાના પ્રયાસ થઈ રહ્યા છે તે અંગે પૂછવામાં આવતા અધિકારીઓનું કહેવું છે કે, ટેકનિકલી રીતે આ સંપર્કના પ્રયાસ થઈ રહ્યા છે.

દરરોજ ઈસરો દ્વારા જુદા જુદા પ્રકારના કમાન્ડ મોકલવામાં આવી રહ્યા છે. વિક્રમ જે રીતે કોમ્યુનિકેટ કરી શકે છે તે રીતે સિગ્નલો મોકલવામાં આવી રહ્યા છે. લેન્ડરથી કોઈ સંપર્ક થશે કે કેમ તે અંગે હાલ વાત કરવી મુશ્કેલ છે. ૩૨ મીટરના એન્ટીના પણ સ્થાપિત કરવામાં આવ્યા છે. બેંગ્લોર નજીક ખુબ જ સ્પેશ નેટવર્ક સેન્ટર તરીકે આને ગણવામાં આવે છે.

વિક્રમ સાથે ઓર્બીટરની વાતના પ્રયાસ પણ થઈ રહ્યા છે. વિક્રમ પોતે ત્રણ ટ્રાન્સપોન્ડરો ધરાવે છે. સાથે સાથે એન્ટીના પણ ધરાવે છે. લેન્ડરને સિગ્નલો મળ્યા બાદ સ્થિતિમાં સુધારો થઈ શકે છે. પાવર એનર્જી વિક્રમ ધરાવે છે કે કેમ તે અંગે પૂછવામાં આવતા અધિકારીઓ હાલમાં આ અંગે વાત કરી રહ્યા નથી. અંદાજ મુજબ ૧૪ દિવસ સુધી પ્રયાસ કરવામાં આવી શકે છે.

### વિશ્વ આપઘાત અટકાયત દિવસે આંકડો જારી

# વિશ્વમાં દર ૪૦ સેકન્ડે એક આત્મહત્યા થાય છે : રિપોર્ટ

નવી દિલ્હી, બુધવાર

વર્લ્ડ સ્યુસાઈડ પ્રવેન્શન ડેના દિવસે જુદા જુદા કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું હતું. સાથે સાથે આને લવઈને લોકોને માહિતી પણ આપવામાં આવી હતી. ૧૦મી સપ્ટેમ્બરના દિવસેને વર્લ્ડ સ્યુસાઈડ પ્રવેન્શન ડે તરીકે મનાવવામાં આવે છે. આ અવસર પર વિશ્વ આરોગ્ય સંગઠન તરફથી અનેક પ્રકારના આંકડા જારી કરવામાં આવે છે. સાથે સાથે આત્મહત્યાના કારણ, તેને રોકવાના પગલા અને જરૂરી ડેટા કલેક્શન ઉપર ભાર મુકવામાં આવે છે. આજે વિશ્વ આપઘાત અટકાયત દિવસના દિવસે જણાવવામાં આવ્યું છે કે, દરેક ૪૦ સેકન્ડમાં એક વ્યક્તિ આત્મહત્યા કરે છે. છેલ્લા પાંચ વર્ષના ગાળામાં જ રાષ્ટ્રીય આત્મહત્યા અટકાયત રણનીતિ બનાવનાર દેશોની સંખ્યામાં વધારો થયો છે પરંતુ હજુ પણ આની સંખ્યા માત્ર ૩૮ છે જે ખુબ ઓછી છે. અન્ય દેશો અને સરકારોને પણ આ દિશામાં આગળ આવીને વધુ અટકાયતી પગલા લેવાની જરૂર છે. ડબલ્યુએચઓના ટોપના અધિકારીઓના કહેવા મુજબ આ દિશામાં મળી રહેલી સફળતા છતાં આજે પણ દર ૪૦ સેકન્ડમાં એક વ્યક્તિ આપઘાત કરે છે. દરેક મૃત્યુ પરિવાર, મિત્રો અને અન્યો માટે એક ટ્રેજડી તરીકે રહે છે. આત્મહત્યાને રોકી શકાય છે. તમામ દેશોએ સ્થાયીરીતે રાષ્ટ્રીય આરોગ્ય અને શિક્ષણ કાર્યક્રમોમાં આત્મહત્યાને રોકવા માટે રણનીતિ બનાવવાની જરૂર દેખાઈ રહી છે. વય આધારિત આત્મહત્યાના દર પર નજર કરવામાં આવે તો વર્ષ ૨૦૧૬માં દુનિયાભરમાં પ્રતિ એકલાખમાં ૧૦.૫ લોકોએ આપઘાત કર્યો હતો. જુદા જુદા દેશોની વચ્ચે દરોના અંતર પાંચ વ્યક્તિથી ૩૦ વ્યક્તિ પ્રતિ એક લાખ સુધી છે. દુનિયાભરની ૭૯ ટકા આત્મહત્યાઓ ઓછી અને મધ્યમ આવકવાળા દેશોમાં થાય છે.

### બેઠકોની વહેંચણીના મુદ્દા ઉપર વિસ્તૃત ચર્ચા કરાઈ

# મહારાષ્ટ્ર ચૂંટણી : સોનિયા ગાંધીની પવારની સાથે ચર્ચા

## સ્થાનિક નેતાઓના સ્તર પર અનેક વખત લાંબી વાતચીત થઈ ચુકી છે : ઓક્ટોબર-નવેમ્બરમાં ચૂંટણી યોજાઈ શકે

નવી દિલ્હી, બુધવાર

રાષ્ટ્રવાદી કોંગ્રેસ પાર્ટીના પ્રમુખ શરદ પવારે કોંગ્રેસ પ્રમુખ સોનિયા ગાંધી સાથે વાતચીત કરી હતી. આ વાતચીત દરમિયાન મહારાષ્ટ્ર વિધાનસભાની ચૂંટણીને લઈને જુદા જુદા પાસાઓ ઉપર ચર્ચા વિચારણા કરવામાં આવી હતી. વિધાનસભા ચૂંટણી માટે બેઠકોની વહેંચણીને લઈને ચર્ચા કરવામાં આવી હતી. પવારે સોનિયા ગાંધી સાથે તેમના આવાસ ઉપર બેઠક યોજી હતી. બંને નેતાઓ વચ્ચેની બેઠક એવા સમય પર થઈ છે જ્યારે બંને પક્ષોના રાજ્ય એકમોના નેતાઓ વચ્ચે હાલના સપ્તાહમાં અનેક દોરની વાતચીત થઈ ચુકી છે. મોટાભાગની બેઠકોને લઈને સહમતિ થઈ ચુકી છે. એમ માનવામાં આવે છે કે, એનસીપીના પ્રમુખ શરદ પવારે સોનિયા ગાંધી સાથે વાતચીત દરમિયાન બેઠકોની વહેંચણીને અંતિમ રુપ આપવાના સંદર્ભમાં વાતચીત કરી હતી. કોંગ્રેસ સુત્રોના કહેવા મુજબ રાજ્યની મોટાભાગની સીટોને લઈને બંને પક્ષો વચ્ચે સહમતિ થઈ ચુકી છે પરંતુ સ્વાભિમાની પક્ષ જેવા કેટલાક નાના પક્ષોની સાથે તાલમેલને લઈને મડાગાંઠની સ્થિતિ પ્રવર્તી રહી છે. મહારાષ્ટ્રમાં ૨૮૮ વિધાનસભા સીટો રહેલી છે. મહારાષ્ટ્ર વિધાનસભા ચૂંટણી ઓક્ટોબર અથવા નવેમ્બરમાં યોજાઈ શકે છે. ભાજપ અને શિવસેનાએ લોકસભા ચૂંટણી વેળા જ જાહેરાત કરી દીધી હતી કે, વિધાનસભા ચૂંટણી પણ બંને પક્ષો સાથે મળીને લડનાર છે. ભાજપ અને શિવસેના ગઠબંધને મહારાષ્ટ્રમાં લોકસભા ચૂંટણીમાં શાનદાર સફળતા મેળવી હતી. મહારાષ્ટ્રની લોકસભાની ૪૮ સીટો પૈકી ૪૧ સીટ પર ભાજપ અને શિવસેના દ્વારા જીત મેળવવામાં આવી હતી. મહારાષ્ટ્રમાં રાજકીય સમીકરણો બેસાડવાના પ્રયાસો કોંગ્રેસ અને એનસીપી દ્વારા કરવામાં આવી રહ્યા છે. લોકસભાની ચૂંટણી બાદથી બંને પક્ષોની હાલત કફોડી બનેલી છે.

૪૧ સીટો પર ભાજપ અને શિવસેના દ્વારા જોરદાર સપાટો બોલાવી દેવામાં આવ્યા બાદ કોંગ્રેસની હાલત ખરાબ થઈ ગઈ છે. તેના અનેક સભ્યો તેની સાથે છેડો ફાડી ચુક્યા છે. આ સિલસિલો હજુ પણ જારી રહ્યો છે. યોજાયેલી બેઠકમાં કયા કયા મુદ્દા પર વાતચીત થઈ તેને લઈને કોઈ જાહેરાત કરવામાં આવી નથી પરંતુ પાર્ટી સુત્રોનું કહેવું છે કે, વિધાનસભાની ચૂંટણીમાં બેઠકોની વહેંચણી પર વિસ્તારપૂર્વક ચર્ચા કરવામાં આવી છે. લોકસભા ચૂંટણીમાં કારમી હાર થયા બાદ કોંગ્રેસના પ્રમુખ તરીકે રાહુલ ગાંધી રાજીનામુ આપી ચુક્યા છે અને કોંગ્રેસ પ્રમુખની જવાબદારી ફરી એકવાર સોનિયા ગાંધી પાસે આવી ગઈ છે.

### સંયુક્ત રાષ્ટ્રમાં પાકિસ્તાને ખોટા આક્ષેપો કર્યા

# લોકોના મૂળભૂત અધિકારોને કચડી નખાયા છે : પાકિસ્તાન

જિનીવા, બુધવાર

જમ્મુ કાશ્મીરમાંથી કલમ ૩૭૦ને દૂર કરવામાં આવ્યા બાદથી હચમચી ઉઠેલા પાકિસ્તાને હવે સંયુક્ત રાષ્ટ્ર માનવ અધિકાર પરિષદમાં પણ આ મુદ્દો જોરદારરીતે ઉઠાવ્યો છે. પાકિસ્તાને આજે ૧૧૫ પેજના જુઠ્ઠાણાના જંગી જથ્થાની સાથે રજૂ થઈને કેટલીક બાબતો રજૂ કરી હતી. સંયુક્ત રાષ્ટ્ર માનવ અધિકાર પરિષદમાં આને મુદ્દો બનાવવાના પ્રયાસ થઈ રહ્યા છે. ભારત પર આક્ષેપો પણ કરવામાં આવી રહ્યા છે. પાકિસ્તાનના વિદેશ મંત્રી શાહ મહેમુદ કુરેશીએ ભારત પર કાશ્મીરમાં માનવ અધિકારના ભંગનો આક્ષેપ કર્યો છે.

તેમણે કહ્યું હતું કે, કાશ્મીર ભારતના આંતરિક મુદ્દા તરીકે નથી અને યુએનને આમા દરમિયાનગીરી કરવી જોઈએ. પાકિસ્તાનના આ પ્રકારના આડેધડ આક્ષેપો બાદ ભારતે પણ પોતાની પ્રતિક્રિયા આપી હતી. પાકિસ્તાનના વિદેશમંત્રીએ ભાજપના ઘોષણાપત્રનો પણ ઉલ્લેખ કર્યો હતો. કુરેશીએ આક્ષેપ કરતા કહ્યું હતું કે, કાશ્મીરમાં બળજબરીપૂર્વક મુસ્લિમોને લઘુમતિ બનાવવાના પ્રયાસ કરવામાં આવી ચુક્યા છે. કુરેશીએ એમ પણ કહ્યું હતું કે, કાશ્મીર ભારતના આંતરિક મુદ્દા તરીકે નથી. કાશ્મીરમાં હાલ કબ્રસ્તાન જેવી ખામોશી જેવો માહોલ છે. નરસંહારની સ્થિતિ જોવા મળી રહી છે. જમ્મુ કાશ્મીરના લોકોના મૂળભૂત અધિકારોને કચડી નાંખવામાં આવ્યા છે. ત્યાના લોકો સતત મૌલિક સ્વતંત્રતાના ઉલ્લંઘનનો શિકાર થઈ રહ્યા છે. કુરેશીએ કહ્યું હતું કે, જમ્મુ કાશ્મીરમાં સાતથી ૧૦ લાખ જેટલી સેના છે. છેલ્લા છ સપ્તાહમાં ભારતે જમ્મુ કાશ્મીરને દુનિયાના સૌથી મોટા જેલખાના બનાવી દેવામાં સફળતા મેળવી છે. ત્યાં જરૂરી સેવાઓ પણ ઉપલબ્ધ નથી. કાશ્મીરમાં છ હજારથી વધારે નેતાઓ, સામાજિક કાર્યકરો અને વિદ્યાર્થીઓની ધરપકડ કરવામાં આવી છે.

ગુજરાત રમખાણોનો ઉલ્લેખ પણ પાકિસ્તાન તરફથી કરવામાં આવ્યો હતો. કુરેશીએ કહ્યું હતું કે, દક્ષિણ એશિયામાં પરમાણુ યુદ્ધની શંકાઓને ટાળવાની જરૂર છે. પેલેટ ગનનો ઉપયોગ ખતમ કરવામાં આવે અને સંચારબંધી દૂર કરવામાં આવે તે જરૂરી છે. પોતાના દેશમાં માનવ અધિકાર ભંગના મામલામાં ખુબ પાછળ રહી ગયેલા પાકિસ્તાને કાશ્મીરમાં માનવ અધિકાર ભંગનો મુદ્દો ઉઠાવીને બિનજરૂરી ચર્ચા જગાવી છે. કુરેશીએ માંગ કરી હતી કે, ઓફિસ ઓફ હાઈકમિશનર, જમ્મુ કાશ્મીરની સ્થિતિઓની તપાસ કરવામાં આવે તે જરૂરી છે. માનવ અધિકાર સંગઠનો અને આંતરરાષ્ટ્રીય મિડિયાને કાશ્મીરમાં જવાની મંજુરી મળવી જોઈએ.

### પાક-ચીન નિવેદન સામે વિરોધ

# જમ્મુ-કાશ્મીર ઉલ્લેખની ભારતે દર્શાવેલી આપત્તિ

નવી દિલ્હી, બુધવાર

ભારતે ચીન-પાકિસ્તાનના સંયુક્ત નિવેદનમાં જમ્મુ કાશ્મીરના કરવામાં આવેલા ઉલ્લેખનો જોરદારરીતે વાંધો ઉઠાવ્યો હતો. ચીનના વિદેશ મંત્રી વાંગની પાકિસ્તાનની યાત્રા બાદ સંયુક્ત નિવેદન જારી કરવામાં આવ્યું હતું. વિદેશ મંત્રાલયના પ્રવક્તા રવિશકુમારે પાકિસ્તાન કબજા હેઠળના કાશ્મીરમાં ચીન-પાકિસ્તાન ઈકોનોમિક કોરિડોર અંગે પણ વાત કરી હતી અને ભારપૂર્વક કહ્યું હતું કે, ભારત દ્વારા જોરદારરીતે આનો વિરોધ કરવામાં આવે છે. પ્રદેશમાં યથાસ્થિતિને બદલી નાંખવા માટે જો કોઈ દેશ દ્વારા તે પગલાનો વિરોધ કરવામાં આવે છે ત્યારે ભારત જોરદારરીતે વિરોધ કરે છે. એક પ્રશ્નના જવાબમાં તેમણે કહ્યું હતું કે, જમ્મુ કાશ્મીર ભારતના અખંડ ભાગ તરીકે છે.

બીજી બાજુ ભારતે ચીન-પાકિસ્તાનના પ્રોજેક્ટને લઈને પણ વાંધો ઉઠાવ્યો છે. પાકિસ્તાન ઈકોનોમિક કોરિડોરની સામે ભારતે જોરદારરીતે વાંધો ઉઠાવીને કહ્યું છે કે, આ સંદર્ભમાં વિચારણા કરવાની જરૂર છે. આ પ્રકારના મામલા રોકાઈ જવા જોઈએ.

# કિએરા કારના બદલે ઓટોમાં શા માટે ગઈ?



કિએરા અડવાણી તેના સ્વીટ નેચર માટે જાણીતી છે. હવે તેનો એક વિડીયો વાઈરલ થઈ રહ્યો છે. તે આ વિડીયોમાં ઓટો રિક્ષામાં રાઈડની મજા માણતી જોવા મળી રહી છે. ઓટોમાં તેની કોરિયોગ્રાફર શબીના ખાન પણ તેની સાથે જોવા મળી હતી. કિએરાની કાર ક્યાંક બીજી જગ્યાએ પાર્ક કરવામાં આવી હોવાથી તેણે રિક્ષામાં સવારી કરી હતી. વેલ, કારણ જે હોય, પરંતુ તેના આ વિડીયોને સોશિયલ મીડિયા પર ખૂબ પસંદ કરવામાં આવી રહ્યો છે. લોકો કિએરાની ખૂબ પ્રશંસા કરી રહ્યાં છે.